# બાળ જાગૃતિ કાર્યક્રમ ( સ્વાધ્યાય પરિવાર)

કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે તારીખ 24-8-2024 ના રોજ સ્વાધ્યાય પરિવાર પટ્ટણ દ્વારા શાળાના બાળકોમાં ભારતીય સંસ્કૃતિની જાગૃતિ અને પરિચિતતા કેળવાય અને વિદ્યાર્થીઓમાં સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ સમજાય તે હેતુથી એક નાટક ભજવવામાં આવ્યું હતું. જેમાં નાટક ભજવનાર કલાકારો સ્વાધ્યાય પરિવાર પટ્ટ્ણના યુવાનો હતા. જેઓએ પ્રવર્તમાન સમયમાં વિવિધ ક્ષેત્રોમાં ચાલતાં અયોગ્ય અને અસત્યનો પર્દાફાશ નાટક દ્વારા ભજવાયો હતો.અને જેનાથી શાળાના બાળકોમાં જાગૃતિ લાવવાનો હેતુ હતો.

વિશેષમાં નાટકમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નો ઉપયોગ અને તેની સત્યતા ઉજાગર કરવામાં આવી હતી. માણસ જૂઠું બોલી શકે છે પણ મશીન નહીં. આપણા સૌના હ્રદયમાં ભગવાન બિરાજે છે જે હંમેશા સત્યની સાથે છે. જો તમે સત્યના માર્ગે ચાલશો તો પરમ કૃપાળુ હંમેશા તમારી સાથે જ છે અને જો તમે અસત્યના માર્ગે ચાલશો તો પણ એ તમને ટકોર કરી સત્યના માર્ગે ચલાવશે તેઓ તેનો મુખ્ય હાર્દ હતો.

ધોરણ ૯ થી 12 ના વિદ્યાર્થીઓએ આ નાટક નિહાળ્યું હતું. શાળા પરિવારે અને આચાર્યશ્રીએ આ પ્રસંગે આભાર માન્યો હતો.







